## સફાઈ કામદારોને કાયમી કરવામાં ૧૫ વર્ષથી અન્યાય, માત્ર મળ્યાં ઠાલા વચનો

**આ તે કેવો વિકાસ..! બાયડ પાલિકામાં મંજુર ૬૨ મહેકમ સામે અધધધ ૬૧ જગ્યાઓ ખાલી : ભાજપ-કોંગ્રેસ-એન.સી.પી.ના નેતાઓ પાસે ચુંટણી દરમિયાન પ્રજા જવાબ માંગશે**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

બાયડ પાલિકાની સ્થાપનાને ૧૫ વર્ષ પુરા થયા છે સત્તામાં રહેલા રાજકીય પક્ષોએ અમે વિકાસ કર્યો અમે વિકાસ કર્યો ના ઢોલ પીટવામાં કશું બાકી



રાખ્યું નથી ત્યારે પોતાના જીવના જોખમે બાયડને સ્વચ્છ રાખતા સફાઈ કામદારોને કાયમી કરવામાં હળાહળ અન્યાય જોવા મળ્યો અને મળ્યા છે માત્ર ઠાલા વચનો. આશ્ચર્ય વચ્ચે એવી વિગતો આવી છે કે બાયડ પાલિકા વિસ્તારની ૧૭,૮૮૬ માનવવસતિ ધરાવતી બાયડ નગરપાલિકામાં ૧.૮૫ કરોડ વેરાની આવક છે બાયડ પાલિકાનું મંજુર મહેકમ ૬૨નું છે પરંતુ ખાલી જગ્યાઓ અધધ ૬૧ હોવાની સામે આવી છે. બાયડ પાલિકામાં ખોટું થયું હોય તો કરાર આધારિત-આઉટ સોર્સિંગ કર્મચારીઓ સામે પગલાં ભરવામાં આવે ખરાં. અત્યારે તો માત્ર એક જ કાયમી કર્મચારી ઉપર બાયડ નગરપાલિકાના તાગડધીન્ના ચાલી રહ્યા છે.

બાયડના રાજકારણને ગાંધીનગરથી પણ સર્વોપરી ગણવામાં આવે છે ત્યારે બાયડ પાલિકામાં અત્યાર સુધી અપક્ષ અને બે વખત ભાજપને મતદારોએ વહિવટ કરવા માટે લોકચુકાદો આપ્યો પરંતુ પાછલા ૫ વર્ષમાં ૬ પ્રમુખ બદલાયા તેના ઉપરથી બાયડ પાલિકામાં વિકાસના કામોમાં રસ છે કે સત્તામાં રસ છે તે કોઈ ને કહેવાની જરૂર નથી. બાયડનો વિકાસ અમે જ કર્યો છે તેવું કોઈ વિચારતું હોય તો ભૂલ ભરેલું છે. પ્રજાએ તમને ચુંટીને મોકલ્યા એટલે કામ કરવા તમારી ફરજ છે. પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે પાછલા ૫ વર્ષમાં અનેક કોન્ટ્રાક્ટરો કામ અધૂરા છોડીને જતા રહ્યા હતા. આ બધુ પ્રજા અને અભ્યાસુ લોકો જાણે છે. પરંતુ અત્યારે બાયડ પાલિકાના લકવાગ્રસ્ત થઈ ગયેલા વહિવટ સામે પ્રજાએ જવાબ માંગવાનો સમય આવ્યો છે. પાછલા ૫ વર્ષ દરમિયાન તમે ચુંટેલા પ્રતિનિધિ તમારા ફળીયા કે આંગણામાં આવ્યા ખરા તે પૂછવા કરતા બાયડ પાલિકામાં ૬૨ કર્મચારીઓની મંજુર જગ્યા સામે ૬૧ જગ્યાઓ કેમ ખાલી રહી ? તેનો હિસાબ માંગજો. બાયડ પાલિકાના સત્તાધીશોએ દિર્ઘ દ્રષ્ટિ રાખી હોત તો ૬૧ બે-રોજગારોને કાયમી નોકરી મળી હોત. બે-રોજગારોને નોકરી ન આપવાનું પાપ કોને કર્યું ? પાલિકાના અંદરખાનેથી મળેલા સૂત્રોની વિગત અનુસાર બાયડ પાલિકામાં કોમન કેડરના એકાઉન્ટન્ટની એકમાત્ર જગ્યા ભરાયેલી છે.

### કાગડા બધે કાળા છે

ગાંધીનગર સમાચારની છાનભીન દરમિયાન જાણવા મળ્યું કે બાયડ પાલિકામાં જ નહિ અન્ય પાલિકામાં પણ મંજુર મહેકમ સામે ખાલી જગ્યાઓ વધારે છે. તલોદ પાલિકામાં ૬૮ મંજુર મહેકમ સામે ૪૪, ખેડબ્રહ્મામાં ૭૪ સામે ૪૪, વડાલીમાં ૫૩ સામે ૫૧, ઈડરમાં ૯૮ સામે ૨૫, હિંમતનગરમાં ૧૩૧ સામે ૪૮, મોડાસા પાલિકામાં ૧૬૯ સામે ૭૭ જગ્યાઓ ખાલી છે.

## જીલ્લામાં ઉનાળા પૂર્વે ફળના ભાવ ઉંચકાયા

**શાકભાજી સસ્તી, ફળના ભાવમાં વધારો : સફરજનના ભાવ કિલો દીઠ રૂા.૧૪૦, દાડમના ભાવ રૂા.૧૨૦**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ઉંચા ભાવથી માંડ રાહત થઈ છે ત્યાં ઉનાળા પૂર્વે ફળના ભાવમાં વધારો ઝીકાયો છે. સીઝનલ ફળના ભાવ વધતા તાપમાન સાથે ઉચકાઈ રહ્યા છે જેમાં હાલ કિલોદિઠ સફરજનનો ભાવ રૂા.૧૪૦ અને દાડમનો ભાવ રૂા.૧૨૦ સુધી પહોંચ્યો છે. જ્યારે મોસંબી, ચીકુ, દ્રાક્ષ સહિતના ફળોમાં ક્રમશઃ ભાવ વધી રહ્યા છે. જિલ્લામાં શાકભાજીની જેમ બજારમાં ફળોની ભરપૂર આવક થઈ રહે છે છતાં ઉનાળો શરૂ થાય તે અગાઉ ભાવમાં ગરમી આવી છે.



કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને બાગાયતી પાક માટે સતત માર્ગદર્શન આપવામાં આવતા જિલ્લામાં અસંખ્ય ખેડૂતોએ ધાન્યપાકને બદલે હવે ફળની ખેતીને વધુ મહત્વ આપ્યું છે. ચીકુ, પપૈયા, તડબૂચનું વાવેતર કરી ખેડૂતોએ કમાલ કરી બતાવી છે. જિલ્લામાં મોટા પાયે પપૈયા તેમજ ચીકુનું ઉત્પાદન થયા પછી ખેડૂતો દિલ્હી સહિતના રાજ્યોમાં ફળની નિકાસ કરતા થયા છે પરંતુ ઘરઆંગણે મોટી માંગ રહેતી હોવાના કારણે અન્ય જિલ્લામાંથી ફળની આયાત થતી હોવાથી ભાવમાં ગમે ત્યારે વધારો થતો હોય છે. ઉનાળાના આગમન પૂર્વે જિલ્લામાં ફળોની માંગમાં સતત વધારો થયો છે જેના કારણે તેની સીધી અસર ભાવ ઉપર દેખાઈ છે. જિલ્લામાં એક સપ્તાહમાં ફળના ભાવમાં તબક્કાવાર રીતે વધારો થઈ રહ્યો છે. જ્યારે આગામી સમયમાં ફળના ભાવ વધુ ઉંચકાશે તેવું વેપારીઓ બોલી રહ્યા છે. જિલ્લામાં સફરજન અને દાડમ તો ઠીક પરંતુ અન્ય સીઝનલ ફળો પણ મોંઘા થવા લાગ્યા છે. આગામી સમયમાં જેમ માંગ વધશે તેમ મોસંબી, ચીકુ, દ્રાક્ષ, કેળા સહિતના ફળના ભાવમાં વધારો થવાની સંભાવના છે.

**જિલ્લામાં ફળના ભાવ ઉપર નજર**

| ફળ | ભાવ(પ્રતિકિ.ગ્રા.) |
|---|---|
| સફરજન | રૂા. ૧૪૦ |
| દાડમ | રૂા. ૧૨૦ |
| ચીકુ | રૂા. ૬૦થી ૮૦ |
| મોસંબી | રૂા. ૩૦ થી ૪૦ |
| દ્રાક્ષ | રૂા. ૫૦ થી ૬૦ |
| કાળી દ્રાક્ષ | રૂા. ૮૦ થી ૧૦૦ |
| શક્કરટેટી | રૂા. ૩૦ થી ૪૦ |
| પપૈયા | રૂા. ૨૦ થી ૩૦ |
| કેળા | રૂા. ૩૦ થી ૪૦ |

**સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને મુંઝવતા પ્રશ્નો અંગે**

## ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

**રીસર્વે પ્રમોગેશનમાં થયેલ ક્ષતિઓ અંગે વારંવાર મૌખિક-લેખિત રજૂઆતો છતાં કોઈ સાંભળતું નથી : પ્રમુખ**



હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને મુંઝવતા કેટલાક વણ ઉકલ્યા પ્રશ્નો અંગે આજરોજ હિંમતનગર ખાતે જિલ્લા કલેકટરને ભારતીય કિસાન સંઘ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને પ્રશ્નોનું નિરાકરણ લાવવા મુખ્યમંત્રીને આ રજુઆત પહોંચાડવા કલેકટર મારફતે આવેદન કર્યું હતું.

આવેદનપત્રમાં માંગણીઓ મુજબ સાબરકાંઠા જિલ્લામાં થયેલ રીસર્વે પ્રમોગેશન માં થયેલ ક્ષતિઓ બાબતે વારંવાર મૌખિક તેમજ લેખિત રજૂઆંત કરવા છત ઉકેલ આવતો નથી. સને ૨૦૧૯-૨૦ માં ખેડૂતોએ લીધેલ કપાસ-મગફળી તથા અન્ય પાકવીમો આજ દિન સુધી ચૂકવેલ નથી જે તે પાક વીમા મંજુર થયેલ છે. છતાં નવી નવી તપાસ કરવાના આદેશ અપાય છે. તે યોગ્ય નથી. તો તાત્કાલિક વીમો ચુકવવા તેમજ. સહકાર ક્ષેત્રમાં દૂધ સેવા સંઘો વગેરે ક્ષેત્રમાં કર્મચારીઓની વય મર્યાદા સરકારના નિયમો પ્રમાણે કરવી જેથી બેકાર બીજા કર્મચારી જેતે જગ્યાએ ભરાય અને બેકારીનો પ્રશ્ન મહદ અંશે ઉકેલાય.

કૃષિ ઉત્પાદનમાં સરકારની ખરીદી કરવામાં ૨૫% ની ખરીદી થાય છે તે યોગ્ય નથી દાત: મગફળી, બાજરી, ડાંગર, મકાઈ, રાયડો, ચણા વગેરે જે હેકટરે સરકારશ્રી ખરીદી કરે છે તેમાં વધારો કરવા વિનંતી, જે ૧૦૦% ખરીદી કરવી.સરકારશ્રીની ખરીદીમાં ૭-૧૨ ના ઉતારામાં ખેડૂત ખાતેદારના વધારે નામ હોય તો એકનું જ નામ રજીસ્ટેશન થાય છે બાકીના ખાતેદારોને જમીનના ૭-૧૨ ઉતારાના સરખા પ્રમાણમાં દરેકને સરખા ભાગે રજીસ્ટેશનમાં લાભ મળે તેવું કરવા ઉગ્ર રજુઆત કરાઈ છે

ભારતીય કિસાન સંઘના જિલ્લા પ્રમુખ અમૃતભાઈએ ખેડૂતોના હિતમાં આ ઉપરાંત નર્મદાની પાઈપ લાઈનથી તળાવો ભરવાની મર્યાદા ૨ કિલોમીટરની છે જે દુર કરવા, જિલ્લા ના દરેક તાલુકાઓમાં આવેલા ચેક ડેમો તૂટેલા હોય તો તેમની મરામત કરાવી ઊંડા કરવા સાફ સફાઈ કરાવવી. ખેડૂતોના તબેલામાં થતા વીજ ચેકિંગમાં થતા વીજબીલોમાં કોમર્શિયલ ના બદલે ઘરવપરાશનું ઘણી બીલ આપવું. ટ્રેકટરની ટ્રોલીને પાસીંગમાંથી આધુનિક ગાડા તરીકે ગણીને પાસીંગ વીમામાંથી મુક્તિ આપવા, સરકારશ્રીના કૃષિ કાયદાને સમર્થન છે પરંતુ સ.જીઁ. ને કાયદો બનાવવામાં આવે વગેરે માંગણીઓ કરવામાં આવી છે.

## ધોળીડુંગરી પાસે કારની ટક્કરે હોમગાર્ડ જવાનનું મોત

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

બાયડ તાલુકાના ધોળીડુંગરી પાસે રાત્રીના સમયે પુરપાટ ઝડપે પસાર થતી ઈકો કારના ચાલકે ચુંટણીલક્ષી કામગીરી સંભાળતા હોમગાર્ડ જવાન દિનેશ ખાનાભાઈ પરમારને ટક્કર મારી મોતને ઘાટ ઉતારતાં સનસનાટી મચી હતી. હોમગાર્ડ જવાનને મોતની ટક્કર લગાવી ભાગવા જતાં ઈકો કાર રોડસાઈડે ઉંધી વડતાં અફરાતફડી મચી હતી. અકસ્માત કરનાર આરોપી ઈકો ચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ જતાં સાઠંબા પોલિસે ગુન્હો નોંધ્યો છે. ધોળીડુંગરી પાસે પોલિસ દ્વારા ચુંટણીના કારણે કામ ચલાઉ ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ અકસ્માતમાં હોમગાર્ડ જવાનનું સ્થળ ઉપર મોત નિપજતાં પોલિસ તેમજ હોમગાર્ડ જવાનોમાં શોક છવાયો છે.

પોલિસસુત્રોએ આપેલી જાણકારી મુજબ સાઠંબા ગામના હોમગાર્ડ જવાન દિનેશભાઈ પરમાર તા.૧૭ના રોજ પોલિસકર્મીઓ સાથે ધોળીડુંગરી પાટીયા પાસે ચેકપોસ્ટ ઉપર રાત્રે ફરજમાં ઉભા હતા જે સમયે ઈકો કાર(જીજે.૦૬.એલએસ.૯૦૫૩)ના ચાલકે વાહન ચેકીંગ જોઈ કારને પુરઝડપે દોડાવી સામે ઉભેલ હોમગાર્ડ જવાનને ટક્કર મારી ફંગોળી નાખતાં સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. જીવલેણ અકસ્માત બાદ કાર નજીકના સ્થળે ઉંધી વળી હતી જેમાં પોલિસ પહોંચે તે અગાઉ આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. ચુંટણી બંદોબસ્તમાં ફરજ ઉપર હોમગાર્ડ જવાનનું અકસ્માતમાં મોત નીપજતાં સાથી જવાનોમાં શોક છવાયો છે. બનાવ અંગે સાઠંબા પોલિસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**લો કોલેજ અને ટ્રાફિક પોલીસના સંયુક્ત પ્રયાસો થકી**

## હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં માર્ગ સલામતી માસ અંતર્ગત વાહનો ચાલકોને ટ્રાફિક નિયમોની જાગૃતિ



હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૮

હિંમતનગર મોતીપુરા વિસ્તારમાં શહેરની લો કોલેજ અને ટ્રાફિક પીલીસના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી માસ અંતર્ગત વાહનોને ટ્રાફિક નિયમોની જાગૃતિ અપાઈ હતી.આવતા-જતા વાહનોને રોકીને વાહન ઉપર સલામતી અંગેના સ્ટીકર સહિત 'રોડ-શો'નું આયોજન લો કોલેજનાં છાત્રો-પ્રાધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. આવતા-જતા વાહનોના ચાલકોને સીટ બેલ્ટ અને હેલ્મેટ પહેરવા અને સલામતી માટેની સૂચનાઓનો અમલ કરવા માટે અપીલ કરવામાં આવી હતી.લો કોલેજના પ્રિન્સિપાલ સહિત સ્ટાફ અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાયડ પાલિકા વોર્ડ નં. ૩ના ભાજપા ઉમેદવારોને જંગી સમર્થન

**અરજણવાવમાં ૧૫૦ કાર્યકરો પ્રચારમાં જોડાયા**

બાયડ, તા. ૧૮



બાયડ પાલિકા વોર્ડ નં. ૩ ના ભાજપા ઉમેદવારોએ ગુરૂવારે વિજળીકવેગે પ્રચાર શરૂ કરતાં જંગી સમર્થન મળ્યુ છે. અરજણવાવમાં વોર્ડના ઉમેદવાર અશોકભાઈ લવજીભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિ, ગાયત્રીબેન પ્રવિણભાઈ પટેલ, મીનાબેન મનહરભાઈ પટેલનું ૧૫૦થી વધુ કાર્યકરોએ સામૈયુ કરી ભારે બહુમતીથી જીતાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

બાયડ પાલિકા ચૂંટણી જંગમાં પ્રજા-મતદારો પરિવર્તન ઈચ્છી રહ્યા છે. વોર્ડ નં. ૩ ના જંગમાં અશોકભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિને ભાજપા દ્વારા મેદાનમાં ઉતારાતા જંગ રસાકસીભર્યો બન્યો છે. ભાજપાના તમામ ઉમેદવારોને દરેક જ્ઞાતિના મતદારોનું ખુલ્લુ સમર્થન મળવા લાગતા વોર્ડ નં. ૩ માં ભાજપના ઉમેદવારો ભારે બહુમતીથી વિજય મેળવશે તેમ કેટલાક મતદારોએ જણાવ્યુ છે. ઉમેદવાર અશોકભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિએ જણાવ્યુ છે કે બાયડ પાલિકાના શાસકોની લોકોને હેરાનગતિ કરવાની રીતના કારણે તેમની સામે રોષ છે. જેનો ફાયદો ભાજપને થશે. ચૂંટણી પ્રચારમાં શહેર સંગઠન હોદ્દેદારો, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ, જીગર પટેલ, જીતેન્દ્ર પટેલ, પૂર્વ કોર્પોરેટર હિતેશ પટેલ વગેરે જોડાયા હતા.

## સાબરકાંઠા-અરવલ્લીમાં ૧૧ મહીના પછી પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય

**સાબરકાંઠા-અરવલ્લીની ૨૫૦૦ પ્રા. શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ : પ્રા. શાળામાં શિક્ષણ શરૂ થયું ત્યાં કોરોના સંક્રમણ વધતાં ચિંતા**

બાયડ, તા. ૧૮

રાજ્યની સરકારી, અર્ધસરકારી, ખાનગી



પ્રા. શાળામાં લગભગ ૧૧ મહીનાના સમયગાળા પછી ગુરૂવારથી ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયુ છે ત્યારે લાંબા સમયથી સૂમસામ લાગતા શૈક્ષણિક સંકુલો બાળકોની હાજરીથી જીવંત જોવા મળ્યા. જિલ્લામાં પાછલા ૨ દિવસથી કોરોનાનુ સંક્રમણ ઉંચકાયુ છે ત્યારે વાલીઓમાં પ્રથમ દિવસથી ચિંતા જોવા મળી. સાબરકાંઠા-અરવલ્લી ડી.પી.ઓ. દ્વારા પ્રા. શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થતાં કેટલીક શાળાઓની ઓચિંતી મુલાકાત લઈ શાળાઓમાં કોરોના માર્ગદર્શિકાનું પાલન થાય છે કે કેમ તેની વિગતો મેળવી છે. લગ્નસરાની સીઝન સમાપ્ત થઈ, ઠંડીનું જોર ઘટ્યુ છે ત્યારે પ્રાથમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણથી ઘરે રહી કંટાળેલા છાત્રો શાળામાં પ્રથમ દિવસે હસતા-ખીલતા જોવા મળ્યા હતા.

જિલ્લાની મા. અને ઉ.મા. શાળા, કોલેજોમાં શિક્ષણકાર્ય શરૂ થયા પછી તા. ૧૮ ફેબ્રુઆરીથી ધો. ૬ થી ૮ ની પ્રાથમિક શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થતાં વાલીઓને રાહત થઈ છે. કંટાળેલા વિદ્યાર્થી પણ મલકાયા છે. પ્રથમ દિવસે શાળાઓમાં સરેરાશ ૪૦ થી ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી હતી. વાલીઓની સંમતિ મેળવ્યા પછી વિદ્યાર્થીઓનું શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયુ છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરતાં અગાઉ તમામ શાળાઓ સેનેટાઈજ કરી બાળકો માટે સુરક્ષિત કરી દેવામાં આવી છે. શાળામાં બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

## ઉત્તર ગુજરાતમાં રાયડાના પોષણક્ષમ ભાવની લાલચમાં રજીસ્ટ્રેશન કરાવી ખેડૂતો પસ્તાયા

**ટેકાના ઓછા ભાવથી ખેડૂતોની મજાક કરી હોવાની લાગણી**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ઉત્પાદન કરેલ પાક ઉપજના પોષણક્ષમ ભાવ મળે તે માટે દર વર્ષે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતી હોય છે પરંતુ ક્યારેક સરકારે નક્કી કરેલા ભાવ કરતાં બજારમાં ઉંચો ભાવ રહેતો હોવાથી ખેડૂતો ટેકાના ભાવે ઉપજ વેચ્યા પછી પસ્તાતા હોય છે. ઉત્તર ગુજરાતમાં આ વર્ષે ખેડૂતોએ કુલ ૧,૯૨,૪૭૮ હે.જમીનમાં રાયડાનું વાવેતર કર્યું હતું જેમાં સરકારે ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી હતી જેથી ૫ જિલ્લાના અસંખ્ય ખેડુતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તા.૧૬ ફેબ્રુઆરીથી નિયત કરેલા કેન્દ્રો ઉપરથી સરકારે રાયડાની ખરીદી શરૂ કરી છે પરંતુ બજારમાં પ્રતિ ૨૦ કિલોએ રૂા.૧૧૦૦ માં વેચાતા રાયડાનો ભાવ સરકાર ટેકાની આડમાં રૂા.૯૩૦ ચુકવે છે જેના કારણે પોષણક્ષમ ભાવની લાલચમાં રજીસ્ટ્રેશન કરાવી ખેડૂતો પસ્તાઈ રહ્યા છે. ટેકાના ઓછા ભાવથી ખરીદી કરી સરકારે ખેડૂતોની મજાક ઉડાવી હોય તેવી લાગણી ઉદભવી છે.

ખેડૂતોની આવક બમણી કરવા માટે સરકાર કટીબધ્ધ હોવાના દાવા છતાં ખેડૂતોની આર્થિક સ્થિતિમાં ઝાઝો સુધારો આજદિન સુધી આવી શક્યો નથી. ખેતીની સીઝનમાં વિષમ હવામાન અને ભેલાણ સહિતની સમસ્યાઓના કારણે ખેડૂતોને દરેક સીઝનમાં નુકસાન ભોગવવું પડતું હોય છે. ખેતરોમાં રાત-દિવસ મહેનત કર્યા પછી પાક તૈયાર થાય ત્યારે ઉપજના પુરતા ભાવ મળતાં ન હોવાથી ખેડૂતોની સ્થિતિ ઠેરની ઠેર રહી છે. સરકાર ખેડૂતોને ઉત્પાદનના યોગ્ય ભાવ આપવાના આશયે ટેકાના ભાવે ખરીદી કરે છે પરંતુ તેમાંય ખેડૂતોને ક્યારેક ઉત્પાદનનો ખર્ચો સરભર કરવો મુશ્કેલ બનતો હોય છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોએ આ વર્ષે રાયડાના સારા ભાવ મળવાની આશાયે વાવેતર કર્યું હતું જેમાં સૌથી વધુ પાટણ જિલ્લામાં ૨૮,૮૯૬, મહેસાણામાં ૧૫,૩૩૪, બનાસકાંઠામાં ૧,૪૫,૪૨૦ હે. જમીનમાં રાયડાની ખેતી થઈ છે તેજ રીતે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અન્ય જિલ્લાઓની સરખામણીએ ૧,૭૬૨ હે.જમીનમાં વાવેતર સંપન્ન થયું છે.

૫ જિલ્લામાં કુલ ૧,૯૨,૪૭૮ હે.જમીનમાં રાયડાનું વાવેતર કર્યા પછી સરકારે ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરી હતી જેથી અસંખ્ય ખેડૂતોએ ટેકાના ભાવે રાયડો વેચવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાં ખેડૂતોને ખુલ્લા બજારમાં રૂા.૧૧૦૦ના ભાવે વેચાતાં રાયડાનો ટેકાનો ભાવ પ્રતિ ૨૦ કિલોએ રૂા.૯૩૦ નક્કી કરવામાં આવતા ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી મુશ્કેલીમાં મુકાયા છે. સરકારે ઓછો ભાવ બાંધ્યા પછી ૧૨૫ મણ ખરીદીની મર્યાદા નક્કી કરી છે જેથી માર્કેટ યાર્ડના વેપારીઓ ઉંચા ભાવે રાયડાનો મોટો જથ્થો ખરીદી રહ્યા છે. ટૂંકમાં સરકારે ટેકાના ભાવ આપવાને બદલે તળીયાના ભાવ નક્કી કર્યા હોય તેવો વલોપાત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

**ઉત્તર ગુજરાતમાં રાયડાની ખેતી ઉપર નજર**

| જિલ્લો | વાવેતર(હે.માં) |
|---|---|
| મહેસાણા | ૧૫,૩૩૪ |
| પાટણ | ૨૮,૮૯૬ |
| બનાસકાંઠા | ૧,૪૫,૪૨૦ |
| સાબરકાંઠા | ૯૬૪ |
| અરવલ્લી | ૭૯૮ |

## ગામડી ગામની સીમમા યુવાનની લાશ મળી આવતા ભારે ચકચાર

ગાંભોઈ , તા.૧૮

હિંમતનગર તાલુકાના ગામની ગામની સીમમાં જંગલ વિસ્તારમાંથી ૨૩ વર્ષીય યુવકની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતાં ગ્રામ્ય જનતામાં ભારે તર્ક-વિતર્ક સાથે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે ગાંભોઈ પોલીસને જાણ થતા વધુ તપાસ હાથ ધરી છે. હિંમતનગર- શામળાજી નેશનલ હાઈવે પાસેના ગામડી ગામના ડુંગરાળ જંગલ વિસ્તારમાં બુધવારના રોજ સાંજના પાંચ વાગ્યાના સુમારે નાગદેવ મંદિર પાછળ એક અજાણ્યા યુવાનનો મૃતદેહ નજરે પડતા ગામડી ગામના સરપંચ અમૃતસિંહ દિપસિંહ પરમારે આ બનાવ અંગે ગાંભોઈ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે આવી આ અજાણ્યા યુવાનની લાશ અંગે તપાસ કરતાં આ લાશ ગામડી ગામના વિશાલસિંહ જસવંતસિંહ પરમાર (ઉમર વર્ષ ૩૦)ની હોવાનું જણાતા પોલીસે તેના સગા-સંબંધીઓને જાણ કરી આ યુવાનની



લાશને ગાંભોઈ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પી.એમ. અર્થે મોકલી આપી હતી. આ બનાવ અંગે ગાંભોઈ પોલીસે એ.ડી. નોંધી ઊંડી તપાસ હાથ ધરી વધુ વિગતો મેળવવા પ્રયત્નો હાથ ધરેલ છે. જાણવા મળેલ મુજબ આ મૃતક યુવાન હિંમતનગર પાસે વકતાપુર વિસ્તારની એક ફેકટરીમાં કામ કરતો હતો.આ બનાવ અંગે હાલ તો પ્રજામાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે ત્યારે પોલીસ તપાસ બાદ જ આ બનાવ અંગે સાચું રહસ્ય બહાર આવશે એમ જણાઈ રહ્યું છે.